# <u>આજ આંગણિયે કળશ</u>

ૐ સ્વામિનારાયણ (૨)

આજ આંગણિયે આયો આયો (૨) હૈયે આનંદ છાયો,

મહોત્સવ <u>આયો રે</u> (૨) કળશ મહોત્સવ આયો રે, (૨)

આનંદ છલકે શુભદિનનો (૨) <u>સુવર્ણ કળશ પધાર્યા</u>, (૨)

સંતો ભક્તોનાં તન મન ઝૂમે (૨) <u>ઉમંગે ઊભરાયા</u>, (૨)

શોભાયાત્રા ભક્તિભાવની (૨) સાહેબજીને વધાવો,

મહોત્સવ આયો રે

શ્રવણમ્ કીર્તનમ્ સ્મરણમ્ પાદસેવનમ્,

અર્ચનમ્ વંદનમ્ દાસ્યમ્ સખ્યમ્ <u>આત્મનિવેદનમ્</u>, (૨)

નવધાભક્તિ દિવ્યમંત્ર જીવનમાં પ્રગટાવો, (૧)

મહોત્સવ આયો રે

મંદિરજી પર શિખરની શોભા, સુવર્ણ કળશ ઝળકે,

ઉપાસનાની ધજા ફરકે, વાગે ડંકા દિગંતે,

કળશ મહોત્સવની જય જય હો (૩)

મહોત્સવ આયો રે

~સાધુ સૌમ્યદાસજી